# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


==========================================================

અખબારી યાદી તા. ૧૨-૪-૨૦૨૩

વિશ્વની સૌથી મોટી લોકશાહી ગંભીર સ્થિતિમાં છે ત્યારે તાલુકા કક્ષાએ જય ભારત સત્યાગ્રહનાં કાર્યક્રમમાં સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે આદરણીય શ્રી રાહુલ ગાંધીને લોકસભાના સભ્યપદેથી ગેરલાયક ઠેરવવાની બાબત લોકશાહીનાં હનનનાં મજબૂત સંકેત છે. વિવિધ પ્લેટફોર્મ પર શ્રી મોદી અને અદાણી વચ્ચેના સંબંધો પર શ્રી રાહુલ ગાંધી સતત સવાલો કરી રહ્યા છે. તેમના પ્રિય મિત્ર અદાણીને મદદ કરવા માટે શ્રી મોદી દ્વારા સત્તાના દુરુપયોગ સામે રાહુલજીની નિર્ભયતા અને અણનમ લડતથી અને તેઓ સંસદમાં તેમની સાંઠગાંઠનો પર્દાફાશ કરશે તેવા ડરથી, સમગ્ર મોદી શાસન તેમનો અવાજ બંધ કરવા સતત પ્રયત્ન થઈ રહ્યા છે. ભાજપ સરકારના શાસનમાં વિપક્ષને પ્રશ્નો પૂછવાનો પણ અધિકાર નથી. લોકતંત્ર અને કાયદો અને વ્યવસ્થાની ભાજપે ધજ્જિયાં ઉડાવી દીધી છે. લોકતંત્રની હત્યા કરી નાંખી છે. બેરોજગારી, મોંઘવારી સહિતના અનેક મુદ્દાઓ પર વિપક્ષ બોલે કે કોઇ અવાજ ઉઠાવે તો તેને જેલમાં બંધ કરાય છે પરંતુ કોંગ્રેસ જનતાના હક્ક અને અધિકાર માટે સતત લડાઈ લડતો રહેશે.જે દેશવાસીઓ માટે ચિંતાનો વિષય છે. ત્યારે લોકશાહી બચાવો, દેશ બચાવોનાં નારા સાથે કોંગ્રેસ પક્ષ દ્વારા 'જય ભારત સત્યાગ્રહ' કાર્યક્મનું આયોજન કરવામાં આવ્યું છે.

**છેલ્લા ૬ દિવસમાં ગુજરાતમાં ૨૮ શહેર-જિલ્લામાં ૧૦૦ થી વધુ જયભારત સત્યાગ્રહના કાર્યક્રમ યોજાયા હતા. આગામી દિવસોમાં જિલ્લા સ્તરીય અને રાજ્ય સ્તરીય કાર્યક્મો યોજવામાં આવશે.**

એ.એઆઈસીસીનાં સેક્રેટરી અને મધ્ય ઝોનનાં પ્રભારીશ્રી ઉષા નાયડુજીએ જણાવ્યું હતું કે ગૃહમંત્રાલય, ઈડી, સીબીઆઈ, ઈન્કમટેક્સ, ચૂંટણી પંચ સહિત તમામ એજન્સીઓનો દૂરપયોગ કરી ભાજપે લોકતંત્ર ખતમ કરી નાંખ્યું છે. અદાણી અને મોદી સરકાર વિરૃધ્ધના ગંભીર આક્ષેપો અને વિપક્ષની ઉગ્ર માંગ છતાં સરકાર કેમ આ મામલે જેપીસી ગઠન કરતી નથી ? તપાસ સોંપતી નથી..? કોંગ્રેસ પ્રજાના પ્રશ્નો ઉઠાવી રહી છે તો પણ ઉલ્ટાનું ચોર કોટવાળને દંડે એ રીતે ભાજપ અને મોદી સરકાર ખોટા નિવેદનો અને ભ્રામક જાહેરાતો કરી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

એઆઈસીસીનાં સેક્રેટરી અને સૌરાષ્ટ્રનાં પ્રભારીશ્રી રામકીશન ઓઝાએ જણાવ્યું હતું કે મિત્રકાળમાં અદાણી સ્કેમ અંગે સતત સત્યની લડાઈ લડતા રાહુલજી પ્રત્યે કિન્નાખોરી રાખી કાર્યવાહી કરવામાં આવી રહી છે. બેરોજગારી, મોંઘવારી અને ભ્રષ્ટાચારમાં ગુજરાત અને દેશનાં નાગરિકો પરેશાન છે. ત્યારે ભાજપ મુળ મુદ્દાથી ધ્યાન બીજે દોરવા માટે પ્રયત્ન કરે છે. બેરોજગારી, મોંઘવારી અને અદાણી કૌભાંડ મુદ્દે ભાજપ સરકાર કેમ મૌન?

આજરોજ ૨૦થી વધુ જગ્યાએ 'જય ભારત સત્યાગ્રહ' અંતર્ગત કાર્યક્મ યોજાયા હતા જેમાં સાબરકાંઠા જિલ્લાનાં ખેડબ્રહ્માામાં કોંગ્રેસ પક્ષનાં ધારાસભ્યશ્રી ડૉ. તુષાર ચૌધરી, દક્ષિણ ગુજરાતમાં વાંસદા ખાતે ધારાસભ્યશ્રી અનંત પટેલ, પંચમહાલ-ગોધરા ખાતે એઆઈસીસી સેક્રેટરી અને મધ્ય ઝોનનાં પ્રભારીશ્રી ઉષા નાયડુજી, ગીર સોમનાથ - તલાલા ખાતે એઆઈસીસી સેક્રેટરી અને સૌરાષ્ટ્ર ઝોન પ્રભારીશ્રી રામકીશન ઓઝા ઉપસ્થિત રહ્યા હતા.

નોંધઃ આ સાથે વિવિધ તાલુકા કક્ષાએ "જયભારત સત્યાગ્રહ"ના ફોટોગ્રાફ્સ સામેલ છે.

હિરેન બેંકર
પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ